SHRI MEHSANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL - P. Gautam & Co., Nandanvan, Ground Floor, Town Hall , Ellishbridge, Ahmedabad - 380 006.

શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ - અમદાવાદ (ટ્રસ્ટ રજી.નં. ઈ-૩૩૦૩, તા.૨૩-૮-૭૮) સંચાલિત

જો તમને તમારા પર વિશ્વાસ છે તો દુનિયાની કોઈ પણ શક્તિ તમને સફળ થવાથી નહીં રોકી શકે.

# પરિવાર પત્રિકા

PARIVAR PATRIKA (Gujarati Monthly) (ગુજરાતી માસિક)

Year - 21 ● Issue No. - 246 ● 1st March 2024 Price Rs. 2/- ● Pages-16

જાગૃતિ ● માહિતી ● પ્રવૃત્તિ ● પ્રગતિ

**પરિવાર પત્રિકાના કાયમી મુખ્ય સૌજન્યદાતા**

સ્વ. શ્રી જશવંતલાલ ચીમનલાલ શાહ......(રણુંજ)
સ્વ. વર્ષાબેન દિલીપભાઈ શાહ.........(ભાલક)

**કાયમી સહાયક દાતા**

સ્વ. વિમળાબેન રસીકલાલ શાહ......(લણવા/પુના)

**પરિવાર પત્રિકા સંપાદન સમિતિ**

સંપાદક : પ્રમોદભાઈ એન. ગાંધી 93270 07054
સહ સંપાદક : બકુભાઈ સી. ગાંધી 98250 96444

ભાઈલાલભાઈ એન. ગાંધી..........(સમોડા) 99257 22324
મીહીરભાઈ એચ. શાહ..........(બોકરવાડા) 98982 58515
ભાવેશભાઈ એમ. શાહ.............(ભાલક) 94277 02080

**મેનેજીંગ ટ્રસ્ટી**

જશવંતલાલ પી. શાહ..........(ભાલક) 99747 16584

**પરિવાર પ્રકાશન કાયમી સૌજન્ય**

શ્રી સેવંતીલાલ છબીલદાસ શાહ પરિવાર.............(ભાલક)
સ્વ. શ્રી નટવરલાલ મણીલાલ શાહ................ (ભાલક)
સ્વ. જેઠાલાલ મોહનલાલ શાહ..................... (ખરોડ)
સ્વ. ચીનુભાઈ મણીલાલ શાહ.................. (પિંઢારપુરા)
સ્વ. શ્રી બાબુલાલ અંબાલાલ શાહ.................. (મોટપ)
સ્વ. શ્રી અમૃતલાલ ઠાકરશી શાહ................ (મોટી દેઉ)
સ્વ. શ્રી પુનમચંદ ઉત્તમચંદ શાહ.................... (લણવા)
સ્વ. શ્રી બાબુલાલ કસળચંદ શાહ................. (વડાવલી)
શ્રીમતી પદ્માબેન રમણલાલ શાહ. .................. (મોટપ)
સ્વ. બિહારીભાઈ ચીમનલાલ મોદી...............(મહેસાણા)
શ્રી નટવરલાલ તલકચંદ શાહ.................... (દેલોલી)
શ્રી ચંપકલાલ મંગળદાસ શાહ......................(મગુના)
શ્રીમતી પન્નાબેન અશ્વિનકુમાર ગાંધી............. (સમોડા)
સ્વ. સુબોધચંદ્ર મણીલાલ શાહ...................... (મણુંદ)
સ્વ. કાન્તાબેન રસીકલાલ શાહ................. (વિસનગર)
સ્વ. કમળાબેન ચીમનલાલ શાહ......... (ઉનાવા/આંબેગામ)
સ્વ. લીલાવતીબેન સુમતીલાલ શાહ......... (સીનોલી/મણુંદ)
શ્રીમતી ચંદ્રિકાબેન નવીનચંદ્ર શાહ..............(લણવા)
શ્રી વિજયકુમાર કનુભાઈ શાહ................. (બોરીઆવી)
શ્રીમતી રંજનબેન મહેન્દ્રભાઈ શાહ..................(દેલોલી)
શ્રી નટવરલાલ મફતલાલ શાહ.................... (દેલોલી)
શ્રી ભોગીલાલ લીલાચંદ શાહ....................... (મોટપ)
સ્વ. ઈન્દીરાબેન શશીકાંત તિજોરીવાળા..... (લુણવા-મંડાલી)
સ્વ. ઉપાબેન નરેન્દ્રકુમાર હીંમતલાલ શાહ.......(બોકરવાડા)
શ્રીમતી વિમળાબેન નટવરલાલ શાહ..............(કમાણા)
સ્વ. વસુમતીબેન ઈશ્વરલાલ સોમચંદ શાહ.......... (ભાલક)
સ્વ. પુષ્પાબેન સુરેશચંદ્ર રસિકલાલ ગાંધી......(રણુંજ)
સ્વ. કંચનબેન હીંમતલાલ વાડીલાલ શાહ....(બોકરવાડા)
સ્વ.મહેન્દ્રકુમાર રતીલાલ શાહ (ચાવાળા)..........(સમોડા)

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ

### પ્રગતિ અહેવાલ

વ્હાલા જ્ઞાતિ બંધુઓ,

વૈવિધ્ય સભર અને સતત પરિવર્તનશીલ આ વિશ્વમાં અવિરત, નવીન સંશોધનો-આવિષ્કારો થતાં રહે છે. આજની માહિતી આવતી કાલે Out of Date થઈ જતી હોય છે. એટલે વર્તમાન સમયે આપણે નિત નવું શીખવાની તૈયારી રાખવી પડે છે. વિજ્ઞાન-ટેકનોલોજીની વિસ્તરતી ક્ષિતીજોને કારણે તથા ઈન્ટરનેટ, AI (આર્ટિફિશ્યલ ઈન્ટેલીજન્સ) થી માનવી time & space ઉપર વિજય મેળવી શક્યો છે અને આપણે કલ્પના પણ ન કરી હોય તેવું બની રહ્યું છે. આરોગ્ય લક્ષી સુવિધાઓથી આયુષ્ય દર વધ્યો છે. સ્માર્ટફોન થી છ઼ ઢ માહિતી મળી શકે છે. પરંતુ સિક્કાની બે બાજુ હોય છે તેમ તેના ફાયદાની સાથે નુકશાન પણ થાય છે. વિટંબણા કેવી છે? પ્રગતિ એટલી થઈ છે કે હજારો કિલોમીટર દૂર બેઠેલી વ્યક્તિને જોઈને વાત કરી શકાય છે!! પણ પતન એટલું થયું છે કે નજીકની વ્યક્તિની તકલીફ કે દર્દ આપણે જોઈ શકતા નથી!

દરરોજ અખબારોમાં છેતરપીંડીની અનિચ્છનીય ઘટનાઓ વાંચવા મળે છે. સરકારશ્રીને Social Media થકી બનતી Cheting ની ઘટનાઓથી સાવચેત કરવાની અપીલ કરવી પડે છે. તે મુજબ આપણે ઘટનાઓથી સાવચેત રહેવાની અપીલ કરવી પડે છે. તે મુજબ આપણે લોભ-લાલચમાં આવ્યા વિના, ઈમાનદારીથી, મહેનતથી જે આવક થાય તેમાં સંતોષ રાખવો ઘટે.

અમદાવાદ જ્ઞાતિ મંડળના હોલ ખાતે, કારોબારી સમિતિ, ટ્રસ્ટીગણ, સલાહકારો, મહિલમંડળ તથા તમામ હોદ્દેદારોની એક સંયુક્ત મિટીંગ તા.૨૮-૦૧-૨૦૨૪, રવિવારે રાખવામાં આવેલ. આ મિટીંગમાં નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યા.

૧. હોલમાં જૂના-ખરાબ થઈ ગયેલા CCTV કેમેરાને બદલે ૧૫ દિવસનું back-up ચેક કરી શકાય તેવા upgraded કેમેરા લગાવવા.
૨. હોલમાં તથા ખાસ તો રસોડા વિભાગમાં જરૂરી Fire Safety જે આવશ્યક્તા છે કે લગાવવી.
૩. કાર્યાલયમાં Internet/Wifi ની અદ્યતન સુવિધા કરાવવી.
૪. જ્ઞાતિની વાડીમાં ઉપર પ્લેટીનમ હોલમાં, ગરમીની સીઝનમાં (કાર્યક્રમ દરમ્યાન) પૂરતી ઠંડક થાય તે માટે, એરકંડીશનના વ્યાવસાયિક કન્સલટન્ટના સૂચન મુજબ વધુ Capacity વાળા A/c મૂકાવવા અને બારીઓના કાચ ઉપર Black Film લગાવવી.

આમ ઉપરોક્ત બાબતોમાં આધુનિક સગવડો ઉપલબ્ધ કરાવવા માટે, ભાવતાલ Quatation મંગાવીને હોલમાં નવીનીકરણ અને આધુનિકકરણ કરવાનો સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો.

શિક્ષણ થકી જ જ્ઞાતિની દરેક વ્યક્તિ સ્વાવલંબી થઈ શકે અને સ્વમાનપૂર્વક રહી શકે.

# પરિવાર પત્રિકા

**સૌજન્ય દાતા**

**(જાન્યુઆરી-૨૪ થી ડીસેમ્બર-૨૪)**



**સ્વ. અરૂણાબેન અરવિંદભાઈ શાહ**

(મોટપ - અમદાવાદ)

જન્મ તા.૨૭-૧૨-૧૯૫૧ • સ્વ.તા.૦૫-૧૨-૨૦૨૦

ની સ્મૃતિમાં

જીગ્નેશભાઈ શાહ - રૂપલબેન શાહ

નીશીબેન - દીયાબેન

સંજયકુમાર - મોનાબેન

જૈની - આગમ

**અરવિંદભાઈ પૂનમચંદ શાહ**

(મોટપ-અમદાવાદ)

પરિવાર તરફથી અમદાવાદ બહારના ભારતમાં વસતા તમામ જ્ઞાતિજનોને "પરિવાર પત્રિકા" મોકલવામાં આવશે.

## મંડળની વિવિધ પ્રવૃત્તિઓ

- કેળવણી સહાય/ઉચ્ચ શિક્ષણ સહાય
- સાધર્મિક સહાય
- મેડિકલ સહાય
- મહિલા તત્કાલ સહાય
- શુભ લગ્ન આયોજન
- પરિવાર પત્રિકા
- તપસ્વી બહુમાન
- સમ્યગ્ જ્ઞાન પ્રસાર નિધિ
- મહિલા મંડળ

## પરિવાર શુભેચ્છક

સ્વ. સુભદ્રાબેન સેવંતીલાલ શાહ ....(બોકરવાડા)

શ્રી બંકિમકુમાર કાંતિલાલ શાહ ..........(ઊંઢાઈ)

શ્રી જયંતિલાલ અંબાલાલ શાહ ...........(ઊંઢાઈ)

કંચનબેન ચીનુભાઈ તીજોરીવાળા (લુણવા-મંડાલી)

મધુબેન મહેન્દ્રકુમાર ડાહ્યાલાલ શાહ.....(મગુના)

સ્વ. શ્રી અંબાલાલ બુલાખીદાસ શાહ......(મણુંદ)

સ્વ. સવિતાબેન અંબાલાલ શાહ............(મણુંદ)

સ્વ. શારદાબેન નરોત્તમદાસ શાહ..........(મણુંદ)

સ્વ. નીતાબેન પ્રમોદભાઈ શાહ............(ખરોડ)

શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ. સંચાલિત શૈક્ષણિક સમિતિની મિટીંગમાં અમદાવાદ જ્ઞાતિ મંડળના નોંધાયેલા સભ્યોના સંતાનોને વર્ષ ૨૦૨૪ માટે Full scape ચોપડાના વિતરણ અંગે જે ઠરાવ થયો તે નીચે મુજબ છે :

- જે જ્ઞાતિજન અમદાવાદ જ્ઞાતિમંડળનો આજીવન કે વાર્ષિક સભ્ય હોય અને તેમનું સંતાન કે સંતાનો ધોરણ ૧ થી કોલેજ (અભ્યાસ ચાલુ હોય ત્યાં સુધી) અભ્યાસ કરતા હોય તેમને જ ચોપડા મળશે.
- દરેક વિદ્યાર્થી દીઠ, ઘણા રાહત દરે બે (૨) ડઝન ચોપડા મળશે.
  દા.ત. એક પરિવારમાં અભ્યાસ કરતા ત્રણ સંતાનો હોય તો તેમને કુલ (૬) છ ડઝન ચોપડા મળી શકે છે.
- વિદ્યાર્થીનું જે તે ધોરણનું પરિણામ આવી ગયું હોય તો તેની માર્કશીટની zerox રજુ કરવી પડશે. અને જો પરિણામ ન આવ્યું હોય તો જે તે ધોરણની વર્ષની ફી ભર્યાની ઈીષ્ઠીં ની ડીટિ આપવી પડશે.
- આ ફુલ સ્કેપ ચોપડા મેળવવા માટે આ વર્ષે એક Google ફોર્મ બનાવવામાં આવ્યું છે જેમાં જરૂરી વિગતો ભરીને તે online તા.૧૫-૦૩-૨૦૨૪ સુધીમાં Submit કરવાનું રહેશે.
- જે જ્ઞાતિજન પાસે સાદો ફોન હોય તે આ Google ફોર્મમાં માંગેલી વિગતો સાદા ફુલસ્કેપ કાગળમાં સુવાચ્ય અક્ષરે ભરીને ફોટો પાડીને બીજા કોઈના સ્માર્ટ ફોન દ્વારા નીચે આપેલા મોબાઈલ નંબર પર Watsapp થી મોકલી શકશે.
- ઉપરોક્ત ઠરાવ અંગેની (સંપૂર્ણ) જાહેરાત Ahmedabad Mandal ના Watsapp ગ્રુપ દ્વારા તા.૦૨-૦૨-૨૦૨૪ થી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જેમાં Google ની Link પણ આપેલી છે. તેમની ફરી વખતો વખત મંડળ દ્વારા Update કરીને જ્ઞાતિજનોને માહિતગાર કરવામાં આવશે.
- ફોર્મ ભરવામાં કે કોઈ બાબતમાં ખ્યાલ ન આવે તો શૈક્ષણિક સમિતિના કન્વીનર શ્રી સંદીપભાઈ શાહ (મો.)૯૮૨૫૭ ૮૭૫૪૯ અને સહ કન્વીનર શ્રી ઉન્મેષભાઈ શાહ (મો.) ૯૪૨૬૩ ૪૯૪૦૭ નો સંપર્ક કરવા વિનંતી.

આપના કુટુંબમાં અમદાવાદમાં રહેતા ૧૮ વર્ષથી વધુ વયના યુવાન પુત્ર હોય અને હજી સુધી અમદાવાદ જ્ઞાતિ મંડળના સભ્ય ન થયા હોય તો તેમણે વહેલી તકે મંડળની ઓફિસે પધારી આજીવન સભ્યપદ મેળવી લેવા નમ્ર વિનંતી.

જ્ઞાતિ હોલ ખાતે, દર મહિને બે ગુરુવારે ડૉ. શ્રીમતી શ્વેતાબેન શાહ દ્વારા વિના મૂલ્યે હોમિયોપેથી માર્ગદર્શન અને દવા આપવામાં આવે છે. તો લાભ લેવા વિનંતી.

સમ્યગ્જ્ઞાન પ્રસારનિધિ અંતર્ગત ધાર્મિક પાઠશાળા કાર્યરત છે તો તેનો પણ લાભ લેવા જ્ઞાતિજનોને વિનંતી છે.

ભાવેશભાઈ એમ. શાહ-માનદ્મંત્રી • રમેશભાઈ સી. શાહ-સહમંત્રી



**નિર્મળાબેન જશવંતલાલ શાહ**

રણુજ - હાલ : અમદાવાદ

જન્મ તા.૧૮-૦૩-૧૯૪૪ • સ્વ. તા.૨૧-૦૩-૨૦૨૨

સંપત્તિ સુખ નહીં, માત્ર સગવડ આપે છે.
સુખ સાચા સંબંધોની પૂંજીથી મળે છે.

મયુર જશવંતલાલ શાહ

જાસ્મીન વિજય શાહ • વિજય જશવંતલાલ શાહ

કિપા સંજય શાહ • સંજય જશવંતલાલ શાહ

V. Jashvantlal & Co.
Stallion Laboratories Pvt. Ltd.
Espee Pharmachem Pvt. Ltd.

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મહિલા મંડળ, અમદાવાદ



આપણા જ્ઞાતિના હોલ પર તા.૧૫-૦૨-૨૪ ને ગુરુવાર ના રોજ શ્રીમતી અનીતાબેન તન્ના... જેઓ એક લેખક છે, અખીલ હિન્દ પરિષદ તરફથી નીકળતા ઉજાસના તંત્રી છે અને સમાજના નારી વિકાસના કાર્યમાં સક્રિય રીતે કાર્યરત છે તેઓશ્રીનો આપણા સમાજની ગૃહિણીઓના વિકાસ માટે વાર્તાલાભ રાખેલ. જેમાં સમાજની બહેનોએ બહોળા પ્રમાણમાં ભાગ લીધેલ હતો. તેઓશ્રીએ જણાવેલ કે આપણામાં શક્તિ અને ઉજાસ છે. જે સ્વવિકાસ અને સમાજની વૈચારિક પ્રગતિ કરવામાં કેળવાય તો ખરેખર ઉત્તમ પરિણામ મળશે. તેમના વાર્તાલાભથી સમાજની આવેલી બહેનો પ્રભાવિત થયેલ. તેઓશ્રીનું બહુમાન કરીને આભાર વ્યક્ત કરવામાં આવેલ હતો.

શ્રીમતી અનીતાબેન તરફથી સંસ્થાને આભાર વ્યક્ત કરતો મેસેજ મળવા પામેલ છે. તેઓશ્રીએ જણાવેલ છે કે "આદરણિયશ્રી ઉર્મિલાબેન, મહિલા મંડળના પ્રમુખશ્રી પ્રવિણાબેન ગાંધી, મંત્રીશ્રી દેવલબેન અને મહિલા મંડળની સૌ યુવાન ઉત્સાહી સભ્યો... સૌને નમસ્તે, આપણી મહિલા મંડળ સંસ્થા તરફથી મને આમંત્રણ આપી, બોલાવી તેમજ મને સન્માનિત કરી એ માટે સૌનો આભાર માનું છું. આપ સૌને ખુબ શુભેચ્છાઓ અને અભિનંદન..."

દેવલબેન કે. શાહ-મંત્રી • સોનલબેન એસ. શાહ-સહ મંત્રી

## ધાર્મિક સમાચાર

- રણુંજ ગામમાં શ્રી અજીતનાથ ભગવાનના જિનાલયની ૧૧૭મી સાલગીરી પ્રસંગે શ્રી રણુંજ જૈન સંઘ દ્વારા જિનાલયમાં અઢાર અભિષેક સહ ધ્વજારોહણનો સુંદર કાર્યક્રમ મહાસુદ-૫ને બુધવાર તા.૧૪-૦૨-૨૦૨૪ના રોજ સંપન્ન થયેલ. જેમાં ૧૫૦ થી વધુ ભાવિકો હાજર રહેલ. તે દિવસે અઢાર અભિષેક, જિનાલય સુશોભન, સવારની નવકારશી, બપોરનું સ્વામિવાત્સલ્ય વગેરેનો સંપુર્ણ લાભ શ્રી જયંતિલાલ પોપટલાલ ગાંધી પરિવારે લીધો હતો.

## પરિવાર પત્રિકા જોગ નિવેદન

આપણા મંડળ દ્વારા પ્રકાશીત થતાં "પરિવાર પત્રિકા" ના બીજા પાને નીચેના ભાગમાં નિર્મળાબેન જશવંતલાલની પૂણ્ય સ્મૃતિમાં ફોટા અને નામ-સુવિચાર સાથેનો લાભ તેમના પરિવારજનોએ લીધેલ. જેની મુદ્દત માર્ચ-૨૦૨૪ સુધીની છે. આ લાભ લેવા બદલ જ્ઞાતિ મંડળ પરિવારનો અંત:કરણપૂર્વક આભાર માને છે.

હવે એપ્રિલ-૨૦૨૪ થી માર્ચ -૨૦૨૫ (વાર્ષિક) સુદીના માટેના દાતાની અપીલ ફેબ્રુઆરી-૨૦૨૪ના પરિવાર પત્રિકામાં કરવામાં આવેલ એકથી વધુ દાતા આવતા ડ્રો દ્વારા દાતા તરીકે શ્રીમતી સરોજબેન મુકેશભાઈ શાહ (ભાલક-અમદાવાદ)નું નામ આવતા એપ્રિલ-૨૦૨૪થી માર્ચ-૨૦૨૫ સુધીનો લાભ તેમને આપવામાં આવેલ છે. જ્ઞાતિ મંડળ તેમનો અંત:કરણ પૂર્વક આભાર માને છે.




# SEEING IS BELIEVING, JUST VISIT US



KINGS MARVELA
KV
@KINGS VILLA

**Villa**
Inspired by
**European Architecture**

**Gift your loved one**
**A dream villa**
**@ Kings Marvela**

**LAND SIZE : 800 - 3000 SQ. YD.**
**CONSTRUCTION : 300 & 675 SQ. YD.**












(SCAN FOR VIDEO)

**76000 71203 / 07, 99242 22538**

WEBSITE : (WWW.KINGSVILLA.IN)

***FULLY FURNISHED VILLA (PROJECT BY KINGSVILLA)***
***(ENJOY THE EXOTIC LIVING, DERASAR & KINGS CLUB IN VICINITY)***



KINGS ABODE

KV

@KINGS VILLA

**Villa**
Inspired by
**Modern**
**Architecture**

**Gift your loved one**
**A dream villa**
**@ Kings Abode**

**LAND SIZE : Aprox 700 - 1700 SQ. YD.**
**CONSTRUCTION : Aprox 200 SQ. YD.**





## OTHER AMENITIES

CLUB | DERASAR | WATER PARK | ATV BIKE| RESTAURANT | BANQUET
RAIN DANCE FLOOR | GAMING ZONE & MANY MORE...

## OTHER ATTRACTIVE PROJECTS

**KINGS CASTLE** **KINGS AURA**
**KINGS GLORY** **KINGS LEGACY**

(SCAN FOR LOCATION)

**76000 71203 / 07, 99242 22538**

***KINGSVILLA, OPP. BAVLA WATER TANK.***
***NEAR ADRODA VILLAGE (7 KM FROM BAVLA)***

સેવા
સહકાર
સંકલન
સંગઠન

# સંપાદકિય

એ વ્યક્તિને
ક્યારેય બદલી નહિ શકો
જેને પોતાની ભૂલ
ના સમજાતી હોય.

* * *

તમને સમજવાનો પ્રયત્ન
એ વ્યક્તિ જ કરશે
જે તમારી સાથે લાગણીથી
જોડાયેલ હશે.

* * *

આપણા જીવનમાં આવનારા,
સંઘર્ષ આપણને નબળા નહીં,
સશક્ત બનાવવાની પ્રક્રિયા છે.

* * *

તમે એક વાર
દૃઢ નિશ્ચય કરી લેશો
તો
પ્રારબ્ધે પણ તમને
સાથ આપવો પડશે.

* * *

સખત પરિશ્રમથી
સફળતા મળે છે,
માત્ર
આયોજન અને
વિચારવાથી નહીં.

* * *

દરેક સમસ્યાનો
છેલ્લો રસ્તો
માફી જ છે,
ક્યાંક આપી દો,
અને
ક્યાંકથી લઈ લો...!

* * *

અમુક સારા કર્મો,
એવા પણ હોવા જોઈએ,
જેની ખબર
ભગવાન સિવાય
બીજા કોઈને પણ ન હોય !!

જિંદગીમાં બે વસ્તુ
છૂટવા માટે જ બની છે
શ્વાસ અને સાથ.
શ્વાસ છુટે તો
માણસ એક જ વાર મરે છે...
અને સાથ છૂટે તો,
માણસ દરરોજ મરે છે....!

* * *

પાણી, વાણી અને કમાણીને
સાચવીને વાપરજો
કારણ કે, ભવિષ્યમાં જો
આ ત્રણ નહી હોય તો,
ભવિષ્ય જ નહી હોય...

* * *

સવાલો કદી મરતા નથી
જવાબો કોઈને ગમતાં નથી,
ખુશીથી જીવન જીવી લ્યો સાહેબ
આંસુ તો આંખોને પણ ગમતાં નથી

* * *

ઘમંડ ના કરવો ક્યારેય
પોતાના ભાગ્ય પર
ક્યારેક એક કાંકરી પણ...
મોઢામાં ગયેલ કોળિયાને
બહાર કઢાવી શકે છે...!!

* * *

જિંદગીમાં દરેક વાવાઝોડા
તમારું નુકશાન કરવા
નથી આવતા.
અમુક વાવાઝોડા
તમારો રસ્તો સાફ કરવા
માટે પણ આવતા હોય છે.

* * *

પાણીથી ન્હાય,
તે કપડાં બદલી શકે છે.
પણ જે પરસેવે ન્હાય,
તે કિસ્મત બદલી શકે છે.!

* * *

મનનું શાંત રહેવું ભાગ્ય છે,
મનનું વશમાં રહેવું સૌભાગ્ય છે,
મનથી કોઈને યાદ કરવું
અહોભાગ્ય છે,
મનથી કોઈ યાદ કરે એ પરમ
સૌભાગ્ય છે.

જિંદગીની સાચી સફળતા
એટલે....
આપણી ગેર હાજરીમાં અપાતો
આપણા માટેનો અભિપ્રાય!

* * *

"દોસ્ત"
શબ્દનો અર્થ ખુબ સરસ થાય છે,
આપણામાં રહેલ દોષને જે અસ્ત
કરી દે,
એજ સાચો દોસ્ત હોય છે...

* * *

બીજાની સફળતાનો સ્વીકાર
નહીં કરો તો "ઈર્ષા" બની જશે,
અને સ્વીકાર કરશો તો
"પ્રેરણા" બની જશે.

* * *

અજવાળું તૈયાર છે, પણ
બારણું જેટલું ખોલશો,
તેટલું જ આવશે....

* * *

"ચિંતા" એટલી જ કરવી કે
આપણું કામ પુરુ થઈ જાય,
પણ એટલી બધી ચિંતા ન કરો કે
"જીવન" જ પુરુ થઈ જાય !

* * *

યાદ શક્તિ ઓછી થવાથી
લોકો જેટલા હેરાન નથી થતા...
એથી વધુ હેરાન વાતો યાદ
રાખીને થાય છે.

* * *

યાદ શક્તિ, મગજ માટે સારી છે
પરંતુ,
ક્યારેક ભૂલી જવાની ક્ષમતા
હૃદય માટે ઘણી સારી છે.

* * *

પહેલાં બે માણસ ઝગડતા ત્યારે
ત્રીજો છોડાવવા આવતો,
જ્યારે આજે જમાનો એવો
આવ્યો છે કે
ત્રીજો વિડીયો ઉતારવા આવે છે.

પ્રમોદ એન. ગાંધી–સંપાદક ● બકુભાઈ સી. ગાંધી–સહસંપાદક

સ્મિતા અમારે ત્યાં કામ કરતી રાધા સાથે વાતો કરતી હતી, અને હું બેઠકરૂમમાં બેઠો બેઠો તેની વાતો સાંભળતો હતો.

રાધા બોલી, બુન રૂ.૫૦૦૦૦/- ઓપરેશનનો ખર્ચ કહે છે. ઈશ્વર પણ ઉપાધિ બધી ગરીબ વ્યક્તિના ઘરે જ આપે છે. હમણાં હોસ્પિટલની દોડાદોડીને કારણે હું કામ ઉપર નહિ આવી શકું. બુન જેટલો મારે પગાર નિકળતો હોય એટલો આપો. રાધાની આંખમાંથી આંસુ નીકળતા હતા.

સ્મિતા બહાર આવી બોલી રાધાના પતિ સાયકલ ઉપર રાત્રીના સમયે નોકરી કરવા જતાં હતાં. કોઈએ ટક્કર મારી, હાથે અને પગે ગંભીર રીતે ઘાયલ થઈ ગયા છે. હોસ્પિટલમાં દાખલ કરેલ છે.

મેં પૂછ્યું કયા દવાખાને દાખલ કર્યા છે.

તેણે સરનામું આપ્યું.

મેં સ્મિતાને કહ્યું, અત્યારે તેને પૂરો પગાર આપી દે.

રાધાના ગયા પછી મેં સ્મિતાને કહ્યું, સ્મિતા તૈયાર થઈ જા આપણે હોસ્પિટલ જવું છે.

સ્મિતા બોલી કેમ?

તમને ખબર છે ને આજે તમારા ગામમાં રામ મંદિરના જીર્ણોધ્ધાર માટે તમે ભેટની રકમનો ચેક આપવા બોલાવ્યા છે, એ સુનિલભાઈ આવવાના છે.

હા મને ખબર છે.

બાજુમાં પડેલ લખાયેલ ચેક રૂ.૫૦૦૦૧/- સ્મિતાની સામે મેં ફાડી ને કહ્યું, મારા કારણે મંદિરનું કોઈ કામ અટકવાનું નથી, પણ રાધાનું કામ જરૂર અટકી જશે. મારે તકતી ઉપર મારુ નામ મંદિરમાં લખાવી મારી કોઈ મોટાઈ નથી બતાવવી....

અમે કારમાં હોસ્પિટલ પહોંચ્યા. ત્યારે રાધા ડોક્ટરની ચેમ્બરની અંદર પોતાના થોડાઘણા ઘરેણાં ટેબલ પર મૂકી ભીની આંખે હાથ જોડીને કહેતી હતી, તમે ઓપરેશન ચાલુ કરો, બાકીની વ્યવસ્થા હું બે-ચાર દિવસમાં કરી દઈશ.

મને અને સ્મિતાને ડોક્ટરની ચેમ્બરમાં અચાનક જોઈ રાધા બોલી બુન તમે અહીં? તેનામાં થોડી હિંમત આવી.

મેં કહ્યું સાહેબ ટોટલ કેટલો ઓપરેશનનો ખર્ચ થાય છે.

ડોક્ટર બોલ્યાં અંદાજીત રૂ.૫૦૦૦૦/- જેવો ખર્ચ થશે.

મેં કહ્યું, સ્મિતા રાધાના ઘરેણાં તેને પરત કરી દે. આ ઓપરેશનનો ખર્ચ આપણે ઉઠાવીએ છીએ.

તું રાધાને લઈ બહાર બેસ, હું ડોક્ટર સાહેબ સાથે થોડી ચર્ચા કરી લઉં.

એ લોકો બહાર ગયા પછી ડોક્ટર બોલ્યા, માફ કરજો તમારી ઓળખ.

મેં સ્માઈલ આપી કહ્યું બસ સમજી લ્યો.

એક "સચ્ચા હિન્દુસ્તાની"

રાધા અમારા ઘરે ઘરકામ કરે છે એ મુસીબતમાં છે. તેનો પતિ સિક્યુરીટી ગાર્ડ છે. બે બાળકો છે. અત્યારે ઘરમાં બન્નેની આવક આવતી બંધ થશે. અને આ આકસ્મિક ખર્ચને તે સહન નહિ કરી શકે એટલી મને ખબર છે.




ડોક્ટર હસીને બોલ્યા, તમે એકલા પુણ્ય કમાવ એ કેમ ચાલે? હું પણ ગરીબ પરિવારનો એક વખત સંતાન હતો. આ દવાખાનાના ઉદ્ઘાટન સમયે મારા પપ્પા એ મને કહ્યું હતું, દાન ધર્માદા કરવા કરતાં કોઈ ગરીબ અને જરૂરીયાતવાળા દર્દી આવે તો સીધી થાય એટલી મદદ કરજે.

તારા ગત જન્મના સારા કર્મથી તું આ જગ્યાએ બેઠો છે એ ભૂલતો નહિ. પપ્પાએ મને સંચિત કર્મ વિશે સમજાવ્યો હતો. આયુષ્ય અનિશ્ચિત છે. સારા કે ખરાબ કર્મનો હિસાબ દરેક વ્યક્તિ આ જીવન અથવા આગળના જન્મમાં ભોગવતા હોય છે. સમય સારો પસાર થતો હોય તો સમજી લેવું તમારા સારા સંચિત કર્મ વપરાઈ રહ્યા છે. એટલે જ સારા નવા કર્મ ભેગા કરવા માટે જાગૃત થઈ જવું પડે.

ડોક્ટર બોલ્યા વડીલ હું મારો ચાર્જ અડધો કરી નાખું છું. મે ડોક્ટર સાહેબને હાથ જોડી કહ્યું આભાર.

ડોક્ટર કહે હાથ ત્યારે જોડવાનો હોય જ્યારે વ્યક્તિગત તમારું હીત અંદર સમાયેલ હોય તમે તો "જનકલ્યાણ"નું કાર્ય કરવા એક ઉમદા પગલું આગળ ભર્યું છે. તમારી શુદ્ધ ભાવના જોઈ મારો અંદરનો રામ જાગ્રત થયો. ખરેખર મારે તમને હાથ જોડવા જોઈએ કહી ડોક્ટર હાથ જોડી ઉભા થઈ ગયા.

મારી આંખ ભીની થઈ.

બહાર આવી મેં રાધાને કહ્યું, હવે તારે એક રૂપિયો પણ ચૂકવવાનો નથી. બે મહિના તારા વરને ઉભા થતા થશે ત્યાં સુધી તારા વરનો પગાર અને તારો પગાર સ્મિતા પાસેથી દર મહિને આવી લઈ લેજે.

રાધા રડતા રડતા મને અને સ્મિતાને પગે લાગી બોલી અત્યાર સુધી એવું હતું ઈશ્વર મંદિરમાં બેઠો છે પણ ના ઈશ્વર તો લોકોના દિલમાં બેઠો છે.

અમે કારમાં બેઠા ત્યારે સ્મિતાએ કિધું કેનેડાથી સ્વીટુનો ફોન હતો. મેં વિગતે વાત કરી તો કહે ઈશ્વરે મને ઘણું અકલ્પનિય આપ્યું છે. પપ્પાને કહેજો હોસ્પિટલનો જેટલો ખર્ચ રાધાનો થાય એ મારી પાસેથી લેવાનો છે. તેમણે મંદિર માટે જે ફંડ રાખ્યું છે તેનો ત્યાં જ ઉપયોગ કરે.

મારી આંખ ભીની થઈ. મેં કહ્યું, સ્મિતા યાદ રાખજે જ્યારે સત્કાર્ય કરવાનો વિચાર આવે ત્યારે સમજી લેવું અંદરનો રામ જાગૃત થયો છે અને કોઈને નુકશાન કરવાની ભાવના જાગૃત થાય તો સમજી લેવું અંદર બેઠેલ શેતાન જાગૃત થયો છે.

ઈશ્વર સીધો કોઈને મદદ કરવા આવતો જ નથી એ ફક્ત તમને માધ્યમ બનાવે છે. નસીબદાર સમજવું જોઈએ આપણી જાતને કે ઈશ્વર સત્કાર્ય માટે આપણી પસંદગી કરે છે.

મેં રાધાની ભીની આંખોમાં રામ જોયા. તો ડોક્ટરે મારા દિલમાં બેઠેલા જોયા અને સ્વીટુએ તારી વાતોમાં રામ બેઠેલા જોયા. કામ કેટલું સરળતાથી પૂરું થયું....

રૂ.૨૫૦૦૦/- ડોક્ટરે ઓછા કર્યા આપણી પાસે બચેલ એ રકમમાંથી રાધા અને તેના વરનો બે મહિનાનો પગાર કરી નાંખજે અને રહી વાત મંદિરના જીર્ણોધ્ધારની તો તેના ચેકની વ્યવસ્થા પણ થઈ ગઈ. એ હવે સ્વીટુના નામે.

સ્મિતા મારી સામે જોઈ બોલી,

તમારો નિર્ણય ખરેખર આવકારદાયક હતો.

મેં કારમાં ટેપ થોડું જોરીથી કર્યું કારણ મને ગમતું ભજન જોગાનું જોગ અત્યારે વાગી રહ્યું હતું.

ओ भगवान को भजने वाले
क्या भगवान जो जाना है
पास पडोस दुखी दीनों में
क्यां उसको पहचाना है
जब तक तेरी खुदी न टूटे
खुदा नजर न आयेगा
राम सुमिर के रहम करने ना
फिर कैसे सुख पायेगा
ये संसार कर्म की खेती
जो बोये वो ही पाये
प्रेम प्यार सींच ले जीवन
ये अवसर फिर न आये
चार दिनों का जीवन है
ये कब तक ठोकर खायेगा
राम सुमिर के रहम करे ना
फिर कैसे सुख पायेगा

अंतर तेरे अन्तर्यामी
रोज मुझे समझाता है
भला बुरा क्या करना तुझको
राह तुझे दिखलाता है
मन की कही पे चलने वाले
फिर पीछे पछतायेगा
राम सुमिर के रहम करे ना
फिर कैसे सुख पायेगा

મિત્રો,

સ્મિતા... આપણે કેટલા રૂપિયા ખર્ચી નાખીએ છીએ. મંદિર, મસ્જદ, આશ્રમ, હોટલ, રેસ્ટોરન્ટ પાછળ જે આનંદ ત્યાં ન મળ્યો એ આનંદ આજે હોસ્પિટલમાં મળી ગયો. મને હતું કે ઈશ્વર મોંઘો છે, આટલો સરળતાથી મળી જશે એ તો ખબર જ નહોતી.


દરેક વ્યક્તિને મદદ કરવાની ઈચ્છા આપણી હોય છે પણ એટલું આપણું સામર્થ્ય હોતું નથી એટલે જ,

તમારા સંપર્કમાં હોય તેવી નજીકની વ્યક્તિઓ જેવી કે ઘરકામ કરનાર, ફ્લેટ ઓફિસ કે ઘરનો ચોકીદાર, સફાઈ કરનાર, ડ્રાઈવર વગેરે લોકોને યોગ્ય સમયે તમારાથી થાય એટલી મદદ કરો એ પણ મંદિરના જીર્ણોધ્ધાર બરાબર જ છે. ધર્મસ્થાનો, આશ્રમો રૂપિયાથી છલકાઈ ગયા છે ત્યાં તમારી કોઈ નોંધ પણ લેતું નથી... મદદ સીધી કરો અને આનંદનો અનુભવ કરો.

સારા અને ખરાબ કર્મ વચ્ચે તફાવત એટલો જ કે સારૂં કાર્ય કર્યા પછી મન પ્રફુલ્લિત થાય અને ખરાબ કાર્ય કર્યા પછી મન ભયભીત થાય.

## સાધર્મિક સહાય ક્ષેત્રે..... દાન-ફંડ-ભેટ

**રૂા.૫,૫૫૫/-**



સ્વ.નવીનચંદ્ર પોપટલાલ શાહ
(ઉનાવા-અમદાવાદ)
સ્વ. તા.૨૫-૦૨-૨૦૧૬

સત્કાર્યોનો પડઘો શાશ્વત હોય છે
હોય ના વ્યક્તિને એનું નામ બોલાયા કરે

માણસનું અસ્તિત્વ રહે કે ના રહે, તેનું વ્યક્તિત્વ ટકી રહે તો માનવું કે એનું જીવન ઉન્નત હતું. આવા હતા આપણા શ્રી નવિનભાઈ પોપટલાલ શાહ (ઉનાવા) માતૃઋણ અને પિતૃઋણ તો સ્વયં ભગવાન પણ ન ચૂકવી શકે. તેમના સુપુત્ર શ્રી શૈલેષભાઈ, પુત્રવધુ અ.સૌ. દર્શનાબેન તેમજ પૌત્ર શ્રી નીરવભાઈ (ઉનાવા- હાલ: અમેરીકા) એ સ્વ.ના આત્મશ્રેયાર્થે સાધર્મિક સહાય યોજનામાં રૂા.૫,૫૫૫/- નો આર્થિક સહયોગ આપેલ છે.

સ્વર્ગસ્થ એ આપણા મંડળમાં પ્રમુખ/ટ્રસ્ટી તેમજ વિવિધ પ્રવૃત્તિઓમાં નોંધપાત્ર સેવા આપી હતી. સાધર્મિકના તેઓ હૃદય સમ્રાટ હતા. સમાજમાં આવતા શુભ પ્રસંગોમાં જઈને સાધર્મિક સહાય યોજના માટે દાન લાવવાનું કાર્ય મૃત્યુપર્યંત કરેલ હતું.

આમ આ પરિવારે સમાજલક્ષી પ્રવૃત્તિઓમાં જે તે સમયે પણ આર્થિક સહયોગ આપેલ છે અને હાલમાં પણ શ્રી શૈલેષભાઈ, નીરવભાઈ આપતા રહ્યા છે. મંડળ તેમની આ સમાજલક્ષી સદ્‌ભાવનાને બિરદાવી અભિનંદન પાઠવે છે.

**રૂા.૫,૫૫૫/-**



સ્વ.શશીકાન્તભાઈ પોપટલાલ ગાંધી
(મોઢેરા-અમદાવાદ)

સંસારમાં ક્યાંક પ્રેરક પિતૃભક્તિ જોવા મળે છે. ક્યાંક મહિમાવંતી માતૃભક્તિ પણ જોવા મળે છે. એ જ રીતે પિતા પ્રત્યેના પ્રેમની અખૂટ-અતૂટ પવિત્રતા પણ જોવા મળે છે. સ્વ.પોપટલાલ મોહનલાલ ગાંધી (મોઢેરા) ના સુપુત્ર અને ભાઈલાલ ભાઈ ગાંધી-રમેશચંદ્ર ગાંધી (મોઢેરા)ના ભાઈશ્રી **સ્વ.શશીકાન્તભાઈ પોપટલાલ ગાંધી** ના સુપુત્રી ચિ.અલકા હિતેશ ગાંધીએ તેમના પિતાશ્રી સ્વ. શશીકાંતભાઈ પોપટલાલ ગાંધી (મોઢેરા) અમદાવાદના આત્મશ્રેયાર્થે સહયોગ આપેલ છે. આ અગાઉ આ પરિવારે માતૃશ્રી કાન્તાબેનની પુણ્યસ્મૃતિમાં પણ આર્થિક સહયોગ આપેલ. મંડળની સૌથી મોટી સમગ્ર પ્રવૃત્તિની દાનની તકતીના અનાવરણમાં પણ શશીકાન્તભાઈ પોપટલાલ ગાંધી પરિવારે કરી મંડળને દાન આપેલ. આમ આ પરિવારે સમાજલક્ષી પ્રવૃત્તિઓમાં જે તે સમયે પણ આર્થિક સહયોગ આપેલ છે. આવા સંસ્કાર પ્રેમી/સમાજપ્રેમી પરિવારથી જ સમગ્ર સમાજ ઉજળો બનતો હોય છે. તેમની રૂડી દિલાવરીને અભિનંદન.

**રૂા.૫,૦૦૦/-**



સ્વ.રમેશચંદ્ર અમૃતલાલ શાહ ગાંધી
(વડાવલી-અમદાવાદ)

જગતમાં જે જન્મે છે તેનું મૃત્યુ નિશ્ચિત છે,
આ સનાતન સત્ય હોવા છતાં
કેટલાક મૃત્યુના ઘા અસહ્ય હોય છે.

રમેશચંદ્ર અમૃતલાલ શાહ (વડાવલી) અમદાવાદ.... તા.૨૮-૦૨-૨૦૨૪ના રોજ શ્રી નવકારમંત્રનું સ્મરણ કરતા કરતા અરિહંત શરણ પામેલ છે. તેમના આત્મશ્રેયાર્થે સદ્‌ગતની સ્મૃતિમાં તેમના પરિવાર તરફથી રૂા.૫,૦૦૦/- કાયમી સાધર્મિક સહાય યોજના ખાતે મળ્યા છે. જ્ઞાતિ મંડળ સદ્‌ગતના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરે છે. અને સાધર્મિકો ઉપરની તેમના પરિવારજનોની લાગણીની અનુમોદના કરે છે.

## ભાવસભર શ્રધ્ધાંજલિ



# સ્વ.શશીકાન્તભાઈ પોપટલાલ ગાંધી

ગામ : મોઢેરા (હાલઃ અમદાવાદ)

જન્મ તા.૩૦-૦૯-૧૯૪૪ ● સ્વ. તા.૦૯-૦૨-૨૦૨૪

સહનશીલતા જેમનો શ્વાસ હતો પરોપકાર જેમનો પ્રાણ હતો,
દયા જેમના દિલમાં હતી, ઉદારતા જેમનાં ઉરમાં હતી, કુટુંબમાં હેત એમના
હૃદયમાં હતું. આપનું સાદગીભર્યું અને સંતોષી જીવન, માયાળુ સ્વભાવ
લાગણીશીલતા, પ્રેમાળતા અમો જીવનભર ભૂલશું નહિ.
મન હજુ નથી માનતું નથી કે તમે અમારી વચ્ચે નથી
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે અને
ભવોભવ જિનશાસનનું શરણું આપે એ જ પ્રાર્થના....

**સ્વ. કાન્તાબેન શશીકાન્તભાઈ ગાંધી**
**સ્વ. પોપટલાલ મોહનલાલ ગાંધી અને સમસ્ત પરિવાર**

અલકા હિતેશ ગાંધી
હિતેશ બકુભાઈ ગાંધી
ચાર્મિ હિતેશ ગાંધી
વિધિ હિતેશ ગાંધી
(સમોડા - અમદાવાદ)

ભાઈલાલભાઈ પોપટલાલ ગાંધી
લીલાવતીબેન ભાઈલાલભાઈ ગાંધી

રમેશચંદ્ર પોપટલાલ ગાંધી
દક્ષાબેન રમેશચંદ્ર ગાંધી

**સ્વ.મોહનલાલ મુળચંદભાઈ ગાંધી સમસ્ત પરિવાર (મોઢેરા)**

"હવે પછીનો એવોર્ડ છે, "શ્રેષ્ઠ નાગરિક એવોર્ડ" અને આ એવોર્ડનાં વિજેતાની ઉંમર છે, છત્રીસ વર્ષ. હા, માત્ર છત્રીસ વર્ષના યુવાન પ્રાયશ્ચિત... મેં નામ બોલવામાં કોઈ લોચો તો નથી માર્યો ને? આપનું નામ પ્રાયશ્ચિત છે?" આમ બોલી રાજ્યનાં મુખ્યમંત્રીએ પેલા યુવાન સામે જોયું.

પેલાએ હકારમાં માથું ધુણાવ્યું. એટલે પોતાની વાતનું અનુસંધાન કરતાં બોલ્યા, "આજે આ વાઈબ્રન્ટ ગુજરાત સમિટના ઉદ્‌ઘાટનનાં કાર્યક્રમમાં પ્રાયશ્ચિતભાઈને આપણા રાજ્યનાં શ્રેષ્ઠ નાગરિક તરીકેનો એવોર્ડ આપતાં મને અત્યંત ગર્વની લાગણી થઈ રહી છે. આપને થશે, કે આવા સુંદર, પતંગ ઉડાડવા માટે એકદમ અનુકૂળ એવા વાતાવરણમાં આ એવોર્ડનું ડીન્ડવાણું વળી ક્યાં આવ્યું ! પણ મને ખાત્રી છે કે, એકવાર આપ પ્રાયશ્ચિતભાઈને સાંભળશો પછી અહીંથી ઉઠવાની ઈચ્છા નહિ થાય. પ્રાયશ્ચિતભાઈ, આપને મારી નમ્ર વિનંતી છે કે, આપ અહીં કૈંક રજૂઆત કરો."

પ્રાયશ્ચિત બોલ્યો, "જય સોમનાથ. આપનો વધુ સમય નહિ લઉં. સીધો મુદ્દા પર આવું.

હું પ્રાયશ્ચિત મહેતા. સોળ વર્ષનો હતો હું. જ્યારે આવા જ એક સંક્રાંતમાં દિવસે પતંગ ઉડાડવા વેરાવળનાં દરિયા કિનારે અમે બધાં ભેગાં થયેલાં. ખૂબ ચગાવી પતંગ. સાંજ પડ્યે બધાં ઘરે જવાની તૈયારી કરવા લાગ્યા પણ મારું મન હજી ભરાયું નહોતું. એટલે હું રોકાયો. એમનાં ગયા પછી અચાનક એક કપાયેલી પતંગ મારાં પગ પાસે આવીને પડી. બીજી પતંગો કરતાં સાવ અલગ. સ્વહસ્તે, કોઈ નાટબુકનું પાનું ફાડીને બનાવેલી પતંગ. કુતુહલવશ ઉપાડી. જોયું તો એમાં સુંદર અક્ષરે કૈંક લખ્યું હતું..."

કાર્યક્રમમાં આવેલાં લોકો અંદરો અંદર ગુસપુસ કરી રહ્યા હતા... "અરે ! જે હોય તે. અમારે શું લેવાદેવા... હવે ટૂંકમાં પતાવ ને ભાઈ...!!"

પ્રાયશ્ચિતે પોતાની વાત ચાલુ રાખી. "અંધારામાં કંઈ ઉકલ્યું નહીં એટલે ફટાફટ ઘરે ગયો અને હાથ-મોઢું ધોયાં વગર જ વાંચવા બેસી ગયો. એમાં લખ્યું હતું..."

'ડીયર ગોડ... મમ્મા-ડેડાને મારી બહુ યાદ આવતી હશે ને? ફિકર પણ થતી હશે, કે હું અહીં વેરાવળમાં સેટ થઈશ કે નહિ ! પણ એમને કહેજો મારી ચિંતા ન કરે. હું ગુડ ગર્લ છું. દાદીને




બધાં કામમાં હેલ્પ કરું છું. પોતાની જાતે ઉઠી, નાહી, તૈયાર થઈ, રેગ્યુલર સ્કૂલે પણ જાઉં છું. આ વખતે મારો ફસ્ટ રેન્ક આવ્યો. મુંબઈ કરતાં અહીંનું એજ્યુકેશન થોડું ઈઝી છે ને ! એટલે કદાચ.

ગોડ, એક રિક્વેસ્ટ છે. ના, ના, જેમણે મમ્મા-ડેડાને તમારી પાસે મોકલ્યા, એમને પનીશ નથી કરવાનાં. મારી રીક્વેસ્ટ છે, તમારી થોડી હેલ્પ. દાદી કોઈને કહેતા હતા, કે લાસ્ટ યર તો જેમણે મમ્મા-ડેડાનું એક્સિડન્ટ કરેલું, એમનાં આપેલા પૈસામાં નીકળી ગયું. હજુ આ વર્ષે પણ વાંધો નહીં આવે. દાદાજી થોડું ઘણું મૂકીને ગયા છે પણ પછી?

આ એજમાં દાદીથી આવડા મોટા ઘરની સાફસફાઈ ન થઈ શકે એટલે હેલ્પર્સ પણ રાખવા પડે ! એમની સેલરી, મારી સ્કૂલ ફીઝ અને અમારું ફૂડ. હા, નેબર્સ બહુ સારા છે. અમારું ખૂબ ધ્યાન રાખે છે. કંઈ સારું બનાવ્યું હોય તો આપી જાય, કંઈ કામ હોય તો કરી દે પણ કોઈ અમારી દયા ખાય, આઈ રિયલી ડોન્ટ લાઈક. શું કરું !

અત્યારે હું એઈટ યર્સની છું. ટ્વેલવ યર્સની થાઉં ત્યાં સુધીની હેલ્પ કરી દો ગોડ. પછી તો હું ટ્યુશન્સ કરાવીને મેનેજ કરી લઈશ. એકવાર મમ્માએ કહેલું, કે આપણને જ્યારે પણ જરૂર હોય, ગોડ હંમેશાં અવેઈલેબલ હોય છે. બસ, કોઈને હર્ટ નહિ કરવાનું, ક્યારેય ખોટું નહી બોલવાનું અને બીજાની હેલ્પ કરવાની. આઈ પ્રોમિસ ગોડ, હું એ રીતે જ બિહેવ કરું છું. એક્ચ્યુલી તમને મળવા મંદિર આવવું જોઈએ, પણ ત્યાં તો બીજા પણ ઘણા બધાં લોકો હોય એટલે આટલી લાંબી વાત ના થઈ શકે એટલે મમ્માએ કહેલું એમ, પતંગમાં લખીને મોકલું છું. આઈ એમ શ્યોર વાત તમારા સુધી પહોંચી જશે. પ્લીઝ ગોડ, આ વાત આપણી વચ્ચે સિક્રેટ રાખજો. દાદીને ખબર પડશે તો એ સેડ થઈ જશે. સોરી ગોડ. થેંક યુ ગોડ. આપની પરી.'

મારા પગ નીચેથી જમીન સરકી ગઈ. મને યાદ આવ્યો એક અકસ્માત, જે મારી બેદરકારીને લીધે થયેલો. દસમાં ધોરણની બોર્ડની પરીક્ષાઓ પતી એટલે દોસ્તારોએ નક્કી કર્યું, કે ક્યાંક ફરવા

જઈએ અને નીકળી પડ્યા ગાડી લઈને. રસ્તામાં ખાસ ટ્રાફિક નહોતો એટલે ગાડી પૂરપાટ ભગાવી. અમારી આગળ એક ટ્રક જઈ રહ્યો હતો. એને ઓવરટેક કરવાનાં ચક્કરમાં ગાડી આગળ લીધી, ને સામેથી આવતા એક બાઈક સાથે અથડાયા. એક ક્ષણ પણ રોકાયા વિના ગાડી ભગાવી. દૂર નીકળી ગયા બાદ એસ.ટી.ડી.માંથી ફોન કરીને પપ્પાને જાણ કરી.

એ સમયમાં મોબાઈલ, ૧૦૮, કંઈ જ નહોતું. છતાં પપ્પાએ એમ્બ્યુલન્સની સગવડતા કરી પેલા બાઈક સવાર યુગલને દવાખાને ખસેડાવ્યા પણ બહુ મોડું થઈ ગયું હતું. (એક દર્દ ભર્યો નિ:શ્વાસ) પપ્પાએ એમની બાઈકનાં નંબર પરથી એમની માહિતી મેળવી, એમનાં ઘરે દુ:ખદ સંદેશ સાથે અમુક રકમ મોકલી આપી અને હાથ ધોઈ લીધાં અમે. એ જાણવાની કોશિશ પણ ન કરી, કે એમનાં ઘરમાં કોણ છે, પાછળથી એમનું શું થયું હશે ! ખેર, દસમામાં સારા ટકા આવ્યા એટલે સારી કોલેજમાં એડમિશન મળી ગયું. જાન્યુઆરીમાં મામાનાં ઘરે લગ્ન પ્રસંગ હતો એટલે વેરાવળ જવાનું હતું. અગિયારમું ધોરણ આમ તો મસ્તી મજાકમાં જ પસાર થતું હોય છે. વળી સંક્રાંત આવતી હતી અને દરિયા કિનારે પતંગ ચગાવવાની મજા જ અલગ હોય એટલે દસ દિવસ પહેલાં જ આવી ગયો અને (આંખમાં આંસું સાથે એક ઊંડો શ્વાસ) તે દિવસે એક કોળિયો પણ ગળેથી ના ઉતર્યો. બીજા દિવસે સવારમાં કોઈનેય કંઈ પણ કહ્યા વગર નીકળી ગયો. ગામ નાનું, એટલે સાંજ સુધીમાં મળી ગયું ઘર એમનું. એમને મદદરૂપ થવાનું નક્કી કરીને જેમ તેમ પ્રસંગ પતાવ્યો અને મુંબઈ પાછો ફર્યો. ત્યાં જઈને નોકરી શોધી. દિવસે કોલેજ અને રાત્રે પાંચસો રૂપિયામાં એક હોટલમાં ગિટાર વગાડવાનું કામ શરૂ કર્યું. ઘરમાં કોઈને કંઈ જ ખબર નહોતી કેમકે, વર્ષોથી મને રાત્રે બાર વાગ્યા પછી જ ઘરે આવવાની ટેવ હતી.બે મહિના બધું સરખું ચાલ્યું પણ એક દિવસ પપ્પાનાં મિત્ર હું જ્યાં ગિટાર વગાડતો હતો, એ હોટેલમાં આવેલા. એમણે પપ્પાને વાત કરી. ઘરે પહોંચ્યો તો પપ્પાએ પોતાનાં સમ આપીને પૂછ્યું. મેં વાત કરી તો ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા.

એમણે કહ્યું, "વાંક તારાં એકલાનો નહિ, મારો પણ છે. મારા ઉછેરનો. તારી ભૂલને છાવરવાના બદલે એનો સામનો કરતાં, જે જીવથી ગયા એમના સ્વજનોનું શું થયું, એ વિચારતા. એમની કાળજી લેતાં શીખવવાનું હતું મારે તને. એના બદલે હું...

આજથી આપણે બંને મળીને પ્રાયશ્ચિત કરશું. બસ, તે દિવસથી મેં મારું નામ બદલીને પ્રાયશ્ચિત રાખ્યું જેથી અમને અમારો ગુનો યાદ રહે.

પરીનાં જવાબદારી એમ જણાવીને ઉપાડી, કે એનાં પપ્પાએ અમુક કંપનીનો વીમો લીધો હતો અને અમુક બેંકમાં ફિક્સ ડિપોઝીટ મૂકી હતી, જેનું વ્યાજ દર મહિને હવે એમના વારસદારને મળશે. જેથી તેને દયાપાત્ર ન બનવું પડે. ત્યાર પછીથી જ્યારે પણ કોઈ અકસ્માતના સમાચાર મળે, કે તરત જ એ પરિવારને બનતી મદદ કરવા પહોંચી જતા અમે. અમારા કામની બીજાને ખબર પડી એમ એ લોકો પણ સ્વેચ્છાએ જોડાતા ગયા. આમ શરૂઆત થઈ, 'યુવા જાગૃતિ અભિયાન'ની. જેમાં થોડા થોડા સમયનાં અંતરે યુવાનોની મિટિંગ બોલાવી એમને અકસ્માત પછી શું? ડ્રગ્સ, દારૂ, સિગારેટના વપરાશની ભયાનકતા વગેરે વિશે જાગૃત કરવામાં આવે છે. ખરેખર તો આ એવોર્ડ લેવાનો મને કોઈ અધિકાર જ નથી. હું તો ગુનેગાર છું. એક દીકરીનો. જેણે પોતાના માતા–પિતા ગુમાવ્યા. એક માનો, જેમણે પોતાનો એકનો એક દીકરો અને પુત્રવધુ બંને ગુમાવ્યા. મારે લીધે ગુમાવ્યા." આટલું બોલી એ રડી પડ્યો.

જનમેદનીમાં નીરવ શાંતિ. એ નીરવતાને ચીરતી એક યુવતી સ્ટેજ ઉપર આવી અને પ્રાયશ્ચિતને પગે લાગી. એણે માઈક લઈને જણાવ્યું, કે "પેલી પતંગ ઉપર સંદેશો લખનાર પરી એ પોતે જ છે. ભગવાન એની પ્રાર્થના આટલી જલદી સાંભળી લેશે એનો અંદાજ પણ નહોતો. પતંગ હવામાં વહેતી મૂકી, એનાં બીજા જ દિવસે એક બહેન આવ્યા અને દાદીને કહ્યું, કે એ લોકો, કેરલથી આવે છે અને એમને ભાડે મકાન જોઈએ છે. અમારા કોઈ પાડોશીએ એમને કહેલું કે અમે દાદી દીકરી એકલાં જ રહીએ છીએ. આર્થિક તંગી તો હતી જ. દાદી માની ગયા. છસ્સો રૂપિયા ભાડું નક્કી થયું અને એ લોકો રહેવા આવી ગયા. એ પછી પંદરમે દિવસે એક મનીઓર્ડર આવ્યો. બે હજાર રૂપિયાનો અને ત્યારબાદ નિયમિત રૂપે દર મહિને રૂપિયા આવી જતા. એ જમાનામાં બે જણ માટે તો બહુ મોટી રકમ હતી. મેં મનોમન ઈશ્વરનો આભાર માન્યો અને ભણવામાં ધ્યાન પરોવ્યું. આજે હું એક આઈ.એ.એસ. અધિકારી છું એ આપને કારણે શ્રીમાન પરાશર મહેતા." પ્રાયશ્ચિત સહિત ત્યાં હાજર સૌને આશ્ચર્ય થયું.

પરી બોલી, "જી સર, હું આઈ.એ.એસ. એટલે જ બની હતી, કે હું જાણી શકું, કે અમને મદદ કોણ કરી રહ્યું છે. કેમકે, કોઈ પણ બેંક કે વીમા કંપની કોઈપણ જાતનાં કાગળિયા વગર વીસ વીસ વર્ષ સુધી રૂપિયા ના મોકલે. (એક મીઠું સ્મિત) હું સમજણી થઈ ત્યારથી એક પછી એક વિગતો ભેગી કરી. આપનાં વિશે બધી જાણકારી મેળવી. આપે જ પેલાં કેરાલિયન્સને ભાડે રહેવા મોકલેલા અને શરૂઆતમાં મિત્રો પાસેથી ઉધારી કરીને પૈસા મોકલ્યા હતા. પછી આપે કહ્યું એમ, આપના પિતાશ્રી પણ જોડાયા આપની સાથે."

મુખ્યમંત્રીએ ઈશારાથી માઈક માંગ્યું. એ બોલ્યા, "આજે આપને આ સન્માન મળે એના માટેની બધી તજવીજ મિસ પ્રાચીએ જ કરી હતી."

પરી – પ્રાચી બોલી "આપ આ એવોર્ડનાં હકદાર છો. કારણ કે, પશ્ચાતાપ રૂપે સત્કાર્યની શરૂઆત આપે કરી છે. મેં ઈશ્વરને કહ્યું હતું, કે બાર વર્ષની થાઉં ત્યાં સુધી જ હેલ્પ જોઈએ છે. એટલે એ પછીની તમે મોકલાવેલ બધી જ રકમ આ કવરમાં છે. આ લો. કોઈ જરૂરિયાતવાળાને આપજો સર, અણીના સમયે તમે અમને સાચવી લીધા. બસ, એ જ ક્ષમે તમારો ગુનો માફ થઈ ગયો. તાળીઓના ગડગડાટ વચ્ચે ત્યાં હાજર દરેકની આંખોમાંથી સંવેદના અને અહોભાવના ગંગા–જમના છલકાઈ રહ્યા હતા."

સૌજન્ય : પારૂલ મિતેષ શાહ – ફાલ્ગુની

# શ્રધ્ધાંજલિ



## "સમાજરત્ન" શ્રી શ્રીકાન્તભાઈ ચીમનલાલ શાહ

જન્મ તા.૨૬-૦૬-૧૯૪૭ • સ્વર્ગવાસ તા.૨૨-૦૧-૨૦૨૪

**સમાજ સેવાના ભેખધારીની વસમી વિદાય...**

**"સમાજરત્ન"**

**સાદગીના પુજારી... મહાનદાતા... સફળ સુકાની... મુઠ્ઠી ઉંચેરા માનવી...**

શ્રી શ્રીકાન્તભાઈ ચીમનલાલ શાહ (ઉનાવા) આંબેગામવાળા હાલઃ મુંબઈ તા.૨૨-૦૧-૨૦૨૪ના રોજ ઓચિંતા... અચાનક.. અનંતની યાત્રાએ નિકળી ગયા!

દયાળુ સ્વભાવના શ્રી શ્રીકાન્તભાઈ આપણી જ્ઞાતિના વિવિધ મંડળોને તથા સમાજસેવા કરતી વિવિધ સંસ્થાઓને કાયમી ધોરણે મદદ કરતા તેમણે ભાયંદર મંડળની સ્થાપનાથી અત્યારે છવ્વીસમાં વરસ સુધી ભાયંદર મંડળના પ્રમુખ તરીકે સેવા આપેલ. તેમના નેતૃત્વમાં મંડળનો સર્વાંગી વિકાસ થયેલ છે. તેમના ઉમદા કાર્યોની નોંધ લઈ ભાયંદર મંડળે તેઓશ્રીને "સમાજરત્ન" નું બિરૂદ આપી નવાજ્યા હતા. આજે તેઓ આપણી વચ્ચે નથી પરંતુ તેમણે કરેલ સત્કાર્યોની સુવાસ હંમેશા મહેકતી રહેશે.

એક સક્રિય જાહેર જીવન • એક સક્રિય પારિવારિક જીવન • એક સક્રિય સમાજિક જીવન

જીવી જનાર સદ્‌ગતની ખોટ આપણા સમાજને ખાસ કરી ભાયંદર મંડળને સદા સાલશે !!

સદ્‌ગતના નિધનથી એમના પરિવારજનોને લાગેલ આઘાતને સહન કરવાની શક્તિ પ્રભુ એમને આપે અને સદ્‌ગતના આત્માને પ્રભુ પરમ શાંતિ અર્પે એવી પ્રાર્થના !

**શ્રી સુડતાલીસ જ્ઞાતિ જૈન મિત્ર મંડળ (ભાયંદર)**

**દહીંસર થી વિરાર**

**ના સર્વે સભ્યોની અંતઃકરણ પૂર્વક પ્રાર્થના**

## ભાવભીની શ્રધ્ધાંજલિ



### અ.સૌ. સુલોચનાબેન મનુભાઈ શાહ

(ગામ-રણુંજ) હાલ:કોપરખેરણા, નવી મુંબઈ

જન્મ તા.૧૧-૦૨-૧૯૪૮ - સ્વ. તા.૨૯-૦૧-૨૦૨૪

જીવદયા પ્રેમી............ અમારા આત્મીય સ્વજન શ્રી
સજજનતા, પ્રસન્નતા, સત્કર્મો, પરોપકાર, પ્રેમાળ તથા હસમુખો સ્વભાવ એ તમારું જીવન હતું
ધર્મ કદી ભૂલ્યા નહીં...... અને વ્યવહાર કદી ચૂક્યા નહીં,
પ્રભુ તમારા દિવ્ય આત્માને ચિર: શાંતિ અર્પે એવી પ્રાર્થના

**શોકાતુર**

**કંચનબેન ડાહ્યાલાલ વાડીલાલ ગાંધી પરિવાર**
**મનુભાઈ ડાહ્યાલાલ શાહ**

ડૉ.ચિંતન શાહ (પુત્ર)
સાચી ચિંતન શાહ (પુત્રવધુ)
મંથન ચિંતન શાહ (પૌત્ર)
પ્રિશા ચિંતન શાહ (પૌત્રી)

મોનલ કૃણાલ કોઠારી (પુત્રી)
કૃણાલ વિનોદભાઈ કોઠારી (જમાઈ)
ગીત કૃણાલ કોઠારી (પૌત્ર)
યોહાન કૃણાલ કોઠારી (પૌત્ર)

સ્વ. કેશવલાલ - સ્વ. વસુમતીબેન
સ્વ. અશ્વિનભાઈ - ગં. સ્વ.વીમળાબેન
સ્વ. રમેશભાઈ - ગં. સ્વ. બકુલાબેન

સ્વ. મંગુબેન - સ્વ. રસીકભાઈ
સ્વ. સવિતાબેન - સ્વ. સુરેન્દ્રકુમાર
સ્વ. તરુબેન - સ્વ. સેવંતીલાલ

ગં.સ્વ. નિરૂપાબેન - સ્વ. જસવંતલાલ
અ.સૌ. કુમુદબેન - શ્રી રજનીકાંત
સ્વ. ઉષાબેન - શ્રી નરેન્દ્રકુમાર

ડૉ. જિજ્ઞેશ - ડૉ.સેજલ ● હેમલ - મનીષ
સચિન - ડોલી ● જતીન - રીકેતા

**પીયર પક્ષ : શાંતાબેન નરોત્તમદાસ ઉત્તમલાલ શાહ (ઉનાવા) પરિવાર)**

ભાઈ - બહેન

કિર્તીભાઈ - અ.સૌ. ઉર્મિલાબેન ● અશ્વિનભાઈ - અ.સૌ. રેખાબેન
રમેશભાઈ - અ.સૌ. માલતીબેન ● અ.સૌ. ભારતીબેન - શ્રી શશીકાંતભાઈ

રહેઠાણ : ન્યુ કિષ્નાટાવર, ડી-વિંગ, ફ્લેટ નં.-૮૦૧/૮૦૨, પ્લોટ-૧૭, સેક્ટર-૧૪, કોપરખેરણા, નવી મુંબઈ-૪૦૦૭૦૯.
મનુભાઈ : ૯૩૨૨૨૫૬૬૩૩, ચિંતન : ૯૮૯૨૬૭૨૭૫૭

# અવસાન-શ્રધ્ધાંજલિ



**રમેશચંદ્ર અમૃતલાલ શાહ**
ગામ : વડાવલી
હાલ : અમદાવાદ
સ્વ.તા.૨૮-૦૧-૨૦૨૪,રવિવાર



**સુલોચનાબેન મનુભાઈ શાહ**
ગામ : રણુંજ
હાલ : કોપરખૈરા,મુંબઈ
સ્વ.તા.૨૯-૦૧-૨૦૨૪,સોમવાર



**શશીકાન્તભાઈ પોપટલાલ ગાંધી**
ગામ : મોઢેરા
હાલ : અમદાવાદ
સ્વ.તા.૦૯-૦૨-૨૦૨૪,શુક્રવાર



**કૈલાસબેન ભુપેન્દ્રકુમાર શાહ**
ગામ : ખેરાલુ
હાલ : નાલા સોપારા
સ્વ.તા.૧૧-૦૨-૨૦૨૪,રવિવાર



**બીપીનચંદ્ર ઉગરચંદ શાહ**
ગામ : બોદલા
હાલ : મલાડ (વેસ્ટ),મુંબઈ
સ્વ.તા.૧૨-૦૨-૨૦૨૪,સોમવાર



**શારદાબેન વૃજલાલ શાહ**
ગામ : મણુંદ
હાલ : મલાડ (વેસ્ટ),મુંબઈ
સ્વ.તા.૨૩-૦૨-૨૦૨૪,શુક્રવાર



**દમયંતીબેન ચંદુલાલ શાહ**
ગામ : સંડેર
હાલ : વડોદરા
સ્વ.તા.૨૩-૦૨-૨૦૨૪,શુક્રવાર



**સુરેશકુમાર મંગળદાસ શાહ**
ગામ : મણુંદ
હાલ : અમદાવાદ
સ્વ.તા.૨૪-૦૨-૨૦૨૪,શનિવાર

**આ દિવંગત આત્માઓને પ્રભુ શાંતિ આપે તેવી પ્રાર્થના**

## આપને જીવનમાં જે મળે,
## એને પચાવતા શીખો, કારણ કે....

- ભોજન ન પચવાથી — રોગ વધે છે.
- પૈસા ન પચવાથી — દેખાડો વધે છે.
- વાત ન પચવાથી — ચુગલી વધે છે.
- પ્રશંસા ન પચવાથી — અભિમાન વધે છે.
- નિંદા ન પચવાથી — દુશ્મની વધે છે.
- ગુપ્ત વાત ન પચવાથી — ખતરો વધે છે.
- દુઃખ ન પચવાથી — નિરાશા વધે છે.
- સુખ ન પચવાથી — પાપ વધે છે.

વાત બહુ જ કડવી છે. પણ એટલી જ સત્ય છે.
સમજાય તેને વંદન...

## કોઈને દુઃખી કરશો નહિં

મીઠાઈના નામો ભલે અલગ અલગ હોય, એના આકાર પ્રકારમાંય ભલે તફાવત હોય, પરંતુ મીઠાઈના સર્વ સામાન્ય ગુણ તરીકે જેમ 'ગળપણ'ની ગણના કરી શકાય એમ ધર્મના વિષયમાં સર્વ સામાન્ય ગુણ તરીકે 'કોઈને દુઃખ ન આપવું' ગુણને આગળ કરી શકાય. બધાને સુખ આપવું એ શક્ય નથી, જ્યારે કોઈને દુઃખ ન આપવું. આ તો શક્ય બની શકે એમ છે. કોઈને દુઃખી કરવા એ એક જાતની હિંસા જ છે.

# ચોથી પુણ્યતિથીએ ભાવભીની શ્રધ્ધાંજલિ



## રંજનબેન મહેન્દ્રભાઈ શાહ (દેલોલી-રાજકોટ)

જન્મ તા.: ૦૧-૦૬-૧૯૫૫ ● સ્વ.તા.: ૧૪-૦૩-૨૦૨૦

આપના સ્નેહભર્યા સ્વભાવની મીઠી સુવાસ અમારા હૈયે રહેશે.
ત્યાગ, સમર્પણ, સાધર્મિક અને ભક્તિના માર્ગે ચાલીને જીવનને સાર્થક કર્યું.
નથી ભૂલાતી તમારા અંતરની આત્મીયતા, નથી ભૂલાતો તમારા હયાતીનો હૂંફાળો સ્પર્શ,
રહેશે સદા અમ હ્રદયમાં આપે સિંચેલા સંસ્કાર, આપની સ્મૃતિનો ખજાનો એજ અમારો ખજાનો ...
આપનો દિવ્ય આત્મા જ્યાં વિચરતો હોય ત્યાં પરમ કૃપાળુ પરમાત્મા આપના
પુનિત આત્માને પરમ ચિર:શાંતિ આપે તેવી પ્રભુ પાસે પ્રાર્થના

ભાઈલાલભાઈ નટવરલાલ ગાંધી
જયાબેન ભાઈલાલભાઈ ગાંધી
સંદીપ ભાઈલાલભાઈ ગાંધી
નિમા સંદીપ ગાંધી
મૈત્રી - દિયા (સમોડા-અમદાવાદ)

અલ્પેશ ભાઈલાલભાઈ ગાંધી
ફાલ્ગુની અલ્પેશ ગાંધી
કુશ અલ્પેશ ગાંધી
કાવ્ય અલ્પેશ ગાંધી
(સમોડા-અમદાવાદ)

જયદીપ મહેન્દ્રભાઈ શાહ
જીગલ જયદીપ શાહ
વૈભવ જયદીપ શાહ
દિવ્ય જયદીપ શાહ
(દેલોલી-રાજકોટ)

A-5, વ્રજ એપાર્ટમેન્ટ, ગુલબાઈ ટેકરા, આંબાવાડી, અમદાવાદ-૬. M.: ૯૩૭૭૭ ૦૨૦૧૦

R.N.I. Regd. No. : GujGuj/2003/11307 • Postal Reg. No. : GAMC - 1401/2021-23 Publishing on 1st Date of every Month
Issued by SSP Ahmedabad Valid up to 31-12-2023 • Posting at P.S.O. Ahmedabad on 1st date of every month
Licensed to Post Without Prepayment No.PMG/NG/102/2021-23 valid up to 31/12/2023



# વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે શ્રધ્ધાંજલિ



## સ્વ. ભરતભાઈ લહેરચંદ શાહ

(બોરીયાવી - હાલઃ અમદાવાદ)

જન્મ તા. ૨૫-૦૭-૧૯૬૧ - સ્વ. તા. ૨૫-૦૨-૨૦૨૩

હરપળ તમારી યાદ આવે અને આંખ ભીંજાયા કરે... જીવન એવું જીવ્યા કે, જોનારા જોતા રહે,
કર્મ એવા કર્યા કે, સૌના હ્રદયમાં ગુંજ્યા કરે.... ધર્મ કદી ભૂલ્યા નહીં, વ્યવહાર કદી ચૂક્યા નહીં,
તમારી તસ્વીર જોઈને હજી નથી થતું સ્વીકાર, કે આપ નથી હયાત.
આપનો મોક્ષ માર્ગ પ્રશસ્ત હો.....!

આપના ઋણાનુરાગી

**ચેતનાબેન ભરતભાઈ શાહ**

ચિંતન ભરતભાઈ શાહ
જુહી ચિંતન શાહ
પ્રેહાન ચિંતન શાહ

જૈનમ ભરતભાઈ શાહ
હિરલ જૈનમ શાહ
યુવાંશ જૈનમ શાહ
નિવાંશ જૈનમ શાહ

જીતેશભાઈ એલ. શાહ
જીજ્ઞા જી. શાહ
દર્શિન જી. શાહ
રિતીકા ડી. શાહ
પ્રિયાંશ ડી. શાહ

પરિવાર પત્રિકા
PARIVAR PATRIKA (Gujarati Monthly) (ગુજરાતી માસિક)

Printed and Published by PRAMODBHAI NAVNITLAL GANDHI on behalf of
SHRI MEHSANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL and Printed at
Jagadish Offset, Gheekanta, Ahmedabad - 380 001 and published from SHRI MESANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL,
P. Gautam & Co., Nandanvan, Ground Floor, Town Hall, Ellisbridge, Ahmedabad - 380 006. Editor - PRAMODBHAI NAVNITLAL GANDHI